ટેન્ડરમાં ભરેલ અસામાન્ય ઉંચા ભાવોના સંદર્ભે કામપર પડતા ખર્ચ પર નિયંત્રણ રાખવા તથા કામનો નાણાંકીય પ્રગતિ સાથે સુમેળમાં રહે તે માટે જરૂરીજોગવાઈ કરવા બાબત.

**ગુજરાત સરકાર**
**માર્ગ અને મકાન વિભાગ**
**પરિપત્ર ક્રમાંકઃ–પરચ–૧૦૨૦૦૮–(૬૧)–સી**
**તા.૦૩–૦૫–૨૦૧૩**
**વંચાણે લીધાઃ–પરિપત્ર ક્રમાંક :–પરચ–૧૦૨૦૦૮–(૬૧)–સી તા.૨૭–૧૧–૨૦૦૮**

**આમુખ :–**

ટેન્ડર માં ઈજારદારશ્રીઓ દ્વારા ભરાતા imbalance ભાવો વાળા ટેન્ડરના કિસ્સાઓમાં ઈજારદારશ્રીઓ દ્વારા ઉંચા ભાવની આઈટમોની કામગીરી કર્યા બાદ નીચા ભાવની આઈટમોની કામગીરી ન કરવામા આવે તેવી પરિસ્થિતિ પણ નિયંત્રણ રાખવા માટે તા.૨૭–૧૧–૨૦૦૮ નો પરિપત્ર જરૂરી જોગવાઈ સાથે બહાર પાડવામાં આવેલ આ પરિપત્ર અંગે વિવિધ સ્તરોએ થયેલ રજુઆતોને ધ્યાને લેતાં અને તેના પર પુખ્ત વિચારણાના અંતે આ પરિપત્રના બીજા ફકરાની છેલ્લી લીટી આ રીતે વીથ હેલ્ડ રાખેલ રકમ કામ સંતોષકારક રીતે પુર્ણ થયેલ ફાઈનલ બીલ મંજુર કરતી વખતે વ્યાજભારણ વગર છુટી કરવામાં આવશે તેની જગ્યાએ નીચે મુજબ નો સુધારો કરવામાં આવે છે.

**<u>સુધારો :–</u>**

" આ રીતે વીથહેલ્ડ રાખેલ રકમ અસાધારણ નીચા ભાવ ભરેલ હોય તેવી આઈટમની નાણાંકીય પ્રગતિના પ્રમાણસર રનીંગ બીલ માંથી છુટી કરવાની રહેશે. જે કિસ્સામાં અસાધારણ નીચા ભાવ ભરેલ કોઈપણ આઈટમ ન હોય તેવા કીસ્સામાં અસાધારણ ભાવો ભરેલ આઈટમની સાથે વીથહેલ્ડ રાખેલ રકમ બાકી રહેતી કામગીરી થાય તેના પ્રમાણસર રનીંગ બોલમાંથી છુટ કરવાની રહેશે."

વધુમાં વંચાણે લીધેલ પરિપત્ર ના ઉદાહરણમાં દર્શાવેલ ક્રમાંક–૮ રદ કરવામાં આવે છે.

ઉપરોકત સુધારાનો અમલ આ પરિપત્રની તારીખ પછી મંજુર થતા ડી.ટી.પી. માં અચુકપણે કરવાનો રહેશે.

**(આર.કે.ચૈહાણ)**
**ખાસ ફરજ પરના અધિકારી (વી.યો.)**
**માર્ગ અને મકાન વિભાગ**

**પ્રતિ,**

સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ.વિભાગ(પાટનગર યોજના વર્તુળ. નેશનલ હાઈવે વર્તુળ સહીત)
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ.વિભાગ.
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, મા.મ.વિભાગ.
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, (પંચાયત),મા.મ.વિભાગ

**<u>નકલ રવાના :–</u>**

૧. અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, મા.મ.વિભાગ સચિવાલય, ગાંધીનગર
૨. સર્વે મુખ્ય ઈજનેર અને અ.શ્રી ઓ મા.મ.વિભાગ
૩. સર્વે તાંત્રીક ઉપ સચિવશ્રી ઓ મા.મ.વિભાગ.
૪. ના.કા.ઈ.શ્રીઓ.મા.મ.વિભાગ.
૫. નાણાંશાખા, મા.મ.વિભાગ.
૬. ના.સે.અ.સી.શાખા.મા.મ.વિભાગ, સિલેકટ ફાઈલ
૭. શાખા સિલેકટ ફાઈલ–૨૦૧૩